SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-4, October to December: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# દક્ષિણ ગુજરાતની જનજાતિ ઢોડિયા ભાષાની પ્રચલિત લોક કહેવતો

ડૉ. સંગીતા ચૌધરી

પ્રાચીન કાળખંડથી માનવજાત વિવિધ લોકકલાઓનો સમૃદ્ધ વારસો ધરાવે છે. જેમ કે હસ્તકલા, સંગીત, નૃત્ય, નાટ્ય, સ્થાપત્ય, ભીંતચિત્રો, ચિત્રકલા, સાહિત્યકલા વગેરે. આ સૌ કળાઓમાં સાહિત્ય મુખ્ય સ્થાન ધરાવે છે. ભજન, દુહા, કથાવાર્તા, લોકોક્તિઓ, કોયડા ઇત્યાદિ સાહિત્ય સ્વરૂપમાં ગામડાનો નિરક્ષર વ્યક્તિ પણ રસ લેતો જોવા મળે છે. લોકવિદ્યાની એક શાખા સ્વરૂપે વિકાસ પામેલ લોકસાહિત્યના બે પ્રકારો જોવા મળે છે. ૧. ગેય (પદ્ય) સ્વરૂપ. ૨. ગદ્ય સ્વરૂપ. તેમાં પદ્ય સ્વરૂપે - પદ, ભજન, દુહા, લોકગીતો. ગદ્ય સ્વરૂપમાં - લોકકથા, લોકવાર્તા, લોકનાટ્ય, ઉખાણાં, કહેવતો વગેરેનો સમાવેશ થાય છે. પ્રસ્તુત શોધ આલેખમાં દક્ષિણ ગુજરાતનાં ઢોડિયા આદિવાસી જાતિમાં પ્રચલિત લોક કહેવતો અને રૂઢિપ્રયોગો તપાસવાનો મારો ઉપક્રમ છે.

લોકસાહિત્યના એક પ્રકાર તરીકે પ્રચલિત કહેવતનો મૂળ શબ્દ 'कथ' ધાતુ પરથી કહેવત, 'કહેણી', કે 'કહેતી' રૂપે ઊતરી આવેલ છે. આપણે ત્યાં 'કહેવત' માટે ભારતીય ભાષાઓની દ્રષ્ટિએ જોઈએ તો વિવિધ ભાષાઓમાં એના પર્યાય ભિન્ન ભિન્ન મળે છે. જે અંગ્રેજીમાં 'proverbs' શબ્દ છે. સંસ્કૃતમાં 'लोकोकित,' 'आभाणक,'તો હિન્દીમાં 'कहावत',लोकोकित',બંગાળીમાં 'प्रवाद','प्रवचन,' 'लोकोकित',રાજસ્થાનીમાં 'कैवत','कुवावत','कहवत',મરાઠીમાં 'म्हण',તેમજ ગુજરાતીમાં 'કહેવત,' 'કહેણી,' 'કહેતી,' 'લોકોકિત', એમ અલગ-અલગ ભારતીય ભાષામાં અને લોકબોલીઓમાં પણ 'કહેવત'ના અર્થ જુદા- જુદા નામે તરી આવે છે. દક્ષિણ ગુજરાતની વલસાડ, વાપી, સુરત, નવસારી, ધરમપુર જેવા વિસ્તારની આદિવાસી ઢોડિયા ભાષામાં કે બોલીમાં 'કહેવત' ને 'કેતી' શબ્દના નામથી ઓળખાય છે.

ગુજરાતનાં સાંપ્રત સમયના લોકસાહિત્ય ક્ષેત્રે બહુ મૂલ્ય ધરવાનાર એવા ડૉ. બળવંત જાની અને અંબાદાન રોહડિયા 'લોકસાહિત્ય' ગ્રંથમાં કહેવત વિશે નોંધ લીધી છે કે- "લોકવ્યવહારમાં પરંપરાથી ઊતરી આવેલી કહેવતો કોણે રચી? ક્યારે રચી? એ બાબતે આધાર કંઇ જાણવા મળતું નથી, પરંતુ માનવજીવનના દીર્ઘકાલીન અનુભવો- નિરીક્ષણો -ચિંતનોમાંથી તેનો ઉદ્‌ભવ થયો હશે તેમ કહી શકાય. લોકોની બોલચાલની વાણીમાં વસેલા તળપદા સાહિત્યબળો આવા નિત્યના વ્યવહારમાંથી જન્મેલા અગણિત લાક્ષણિક પ્રયોગોથી શરૂ થાય છે. કોઈપણ અસાધારણ અનુભવને કે સારા- માઠા ભાવને શુષ્ક રૂપે રજૂ કરવાને બદલે સાહિત્ય રસિક સર્જકોની માફક કલાત્મક રીતે અભિવ્યક્તિ કરવાની વૃતિમાંથી કહેવતોનો ઉદ્‌ભવ થયો છે."૧. (પૃ.-૮૩,૮૪) આથી કહેવતોમાં અનુભવીઓની વાણી લાઘવયુક્ત રીતે વ્યંજના સભર બની વેધકતાથી સ્થાન પામી છે.

ડૉ. પુંડલિક પવાર કહેવત વિશે નોંધે છે કે- " 'કહેવત' લઘુ સ્વરૂપના મૂળિયાં તપાસતા જણાય આવે છે કે કહેવતનું ફક્ત સાહિત્યમાં જ સ્થાન નથી, કારણ કે સાક્ષર સમાજ કરતાં નિરક્ષર- ગ્રામીણ સમાજ પોતાના બોલચાલના વ્યવહારમાં કહેવતોનો સૌથી વધુ ઉપયોગ કરતો જોવા મળે છે અને એને કારણે જ તો જે-તે પ્રદેશ કે જનપદની સામાજિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, ભૌગોલિક કે રાજકીય અને વ્યવસાયિક વિવિધતાઓ ઉપરાંત માનવચિત્તની વૃતિઓને પણ નખશિખ ઝીલીને પ્રગટ કરવાનું મહત્વનું કાર્ય કહેવત કરે છે."૨. (પૃ. ૮૪)

તો ડૉ. બિપિન આશર કહેવતના ઉદ્ભવ વિશે નોંધ લે છે કે-"કહેવત શબ્દની વ્યુત્પત્તિ વિવાદસ્પદ છે કોઈ તેને 'કથાવત'માંથી વિકાસ પામેલી સંજ્ઞા માને છે તો ટર્નર જેવા ભાષાવિજ્ઞાની તેનો સંબંધ 'કથવાર્તા' સાથે જોડે છે. ડૉ. સુનીતિકુમાર ચેટર્જીએ તેના માટે સંસ્કૃતમાં 'કથાયન્ન' શાબ્દી કલ્પના કરી છે. તથા કથાયન્ન- કથાવયન્ત- કહાવઅન્ત-કહાવન્ત- કહાવત."૩ (પૃ. ૮૪)

કહેવતનો અર્થ 'કથાવત' સાથે છે એવું માનવાથી સ્પષ્ટ થઇ જાય છે કે 'કહેવત શબ્દનો પ્રયોગ એના માટે જ થઇ શકે જેનામાં કોઈ કથા સમાવિષ્ટ થઇ હોય, અથવા તે શબ્દપ્રયોગ કોઈ કથા પર આધારિત હોય. એટલા માટે કહેવત કથા ન હોતા 'કથાવત' છે, તેમાં કથા નથી હોતી કથા સંકેત હોય છે.'કહેવત' એટલે નિચોડરૂપ, દ્દ્ષ્ટાંતરૂપ કે સૂત્રાત્મક ચલણી ઉક્તિ. કહેવત સંપૂર્ણ વાક્ય તરીકે પ્રયોજાય છે. તેનો સ્વતંત્ર પ્રયોગ થઈ શકે છે." કહેવતોમાં સરળતા છતાં કથનની સચોટતા મર્મભેદક હોવાની પ્રતીતિ થાય છે. પરસ્પર વિરોધી સત્યોને પ્રગટાવતી કહેવતો પણ હોય છે. જેમકે 'ન બોલ્યામાં નવ ગુણ' અને 'બોલે તેના બોર વેચાય તો કેટલીક ગંભીર કટાક્ષ ગર્ભ- વિનોદાત્મક કહેવતો પણ હોય છે.

ગુજરાતમાં અરવલ્લી- અંબાજીથી માંડીને છેક દક્ષિણ-પૂર્વપટ્ટીનો ભૌગોલિક વિસ્તારમાં અનેકવિધ આદિવાસીઓ હજારો વર્ષોથી વસવાટ કરે છે. એમાં દક્ષિણ ગુજરાતની નજરે જોઈએ તો, આ વિસ્તારમાં હરિયાળાં રંગે રંગાયેલા વન-જંગલો, ડુંગરો -પર્વતો, ખળખળ વહેતી રમણીય નદી, શ્વેત રંગમાં તેમજ સોનેરી રંગે રંગાયને વહેતાં ઝરણાં વગેરે.. કુદરતી ખોળે વસનાર આ પ્રજા પાસે વિશાળ વૈવિધ્યપૂર્ણ જીવનશૈલી જોવા મળે છે. આ આદિવાસી પ્રજા સ્વભાવે નિખાલસ, પ્રામાણિક, સરળ, ભોળી, નિર્દોષ, ખંતીલી, પરિશ્રમ જેવા ગુણો ધરાવનાર રહી છે. વિશેષ કરીને પ્રકૃતિ અને લાલિત્યસભર આ આદિવાસી પ્રદેશમાં કંઠસ્થ સાહિત્ય, લોકસભ્યતા, કલા- સંસ્કૃતિ, ભાષા અને પરંપરાગત જીવનમૂલ્યો સતત પોષાતા ને પોંખતા આવ્યાં છે. આપણે ત્યાં સદીઓના સમયગાળાથી જ આવા ઉચ્ચ કોટિનાં જીવનમૂલ્યો સાથેનું જીવન જીવાતું આવ્યું છે. વળી, આદિવાસીઓ માટે કુદરતી ખજાનો એ ઈશ્વર રૂપે મળેલ અમૂલ્ય ભેટ માને છે.

મહદ્અંશે જોતાં દક્ષિણ ગુજરાતમાં સુરત, વાપી, નવસારી, તાપી, ભરૂચ, ડાંગ, નર્મદા, વગેરે જિલ્લાઓમાં અનેક આદિવાસીઓ રહે છે. આ જિલ્લાઓમાં ઢોડિયા, ચૌધરી, વસાવા, ગામીત, વારલી, પાડવી, માવચી, કોટવાડિયા, હળપતિ રાઠોડ, ભીલ, કુંકણા, કોંકણી, આદિ વિવિધ આદિવાસી જાતિઓ વસવાટ  છે. એમાં નવસારી, વલસાડ, તાપી, સુરત, ડાંગ જેવા જિલ્લાના ગામ, તાલુકાઓમાં ઢોડિયા આદિવાસી જનસમુદાયની વસ્તી જોવા મળે છે. આમતો સમગ્ર ગુજરાતમાં ૧૪ જેટલાં જિલ્લાઓમાં આદિવાસીઓની સરકારી ધારા હેઠળ ૨૯ જેટલી જાતિઓનો સમાવેશ થયેલો છે. પરંતુ એમાંથી એક વિશિષ્ટ આદિવાસી ઢોડિયા જાતિ તરીકે સ્થાન ધરાવે છે. આ જાતિ અન્ય આદિવાસી સમાજોની જેમ પોતાના સમાજ મુજબ બોલીમાં પારંપારિક ભાષા સાહિત્ય અને કલા-સાંસ્કૃતિકનો અનેરો વારસો જોવા મળે છે. આ ઢોડિયા જાતિનું લોકસાહિત્યમાં લોકકથા, લોકગીતો, લોકવાર્તા જેવા મુખ્યધારાના ગદ્ય સ્વરૂપો છે અને તે લોકપ્રચલિત હોવાના કારણે લોકપ્રિય બની રહે છે એજ પ્રકારે એક એવું ટૂંકું-લાઘવ  ગણાતું ગદ્યસ્વરૂપ 'કહેવતો' પણ જે-તે જાતિસમાજમાં પ્રખ્યાત હોય એવી 'કહેવતો' ઢોડિયા ભાષામાં પણ ખૂબ જાણીતી છે.

આ ઢોડિયા ભાષાની ખૂબ જાણીતી એવી લોકકહેવતોમાં ખાસ કરીને જોઈએ તો એમાં એમનું જીવનદર્શન, પશુ, પંખી, પ્રાણી, બુદ્ધિ, તેમજ અન્ય જીવજંતુ, મનુષ્યસ્વભાવ, ઈર્ષાભાવ, વેદના–પીડા, પર્વો-ઉત્સવો, ખાન-પાન, રીતરિવાજો, રહેણી-કરણી, સુખ-દુઃખ, હર્ષ-ઉલ્લાસ પરિશ્રમ, વગેરે વિશેની અનેક કહેવતો જોવા મળે છે. લેખક (સંશોધક) શ્રી અરવિંદ એમ. પટેલ 'તુંણે કૂકડે હવારાં..'(ઢોડિયા ભાષાની કહેવતો) નામે ઢોડિયા ભાષાની કહેવતો આપી છે. આપણે એ કહેવતો વિશે જોઈએ-

- ઢોડિયા ભાષાની કહેવતોમાં મનુષ્ય સ્વભાવ કેવી રીતે પ્રગટી આવે છે. એના વિશેની અભિવ્યક્તિ જોવા મળે છે કારણ કે, સમાજમાં દરેક પ્રકારના લોકો રહે છે. એમાં સંવેદનશીલ, સારા-નરસા, હેત, પીડા-વેદના, ઈર્ષાભાવ, તેમજ ક્યાંક ને ક્યાંક આળસ, પરિશ્રમ,

છળ-કપટ, અભિમાન વગેરે છે. એમાં સદ્ ગુણોવાળા માણસો સમાજમાં પોતાનું વ્યક્તિત્વ પ્રતિભાશાળી રૂપે પ્રગટાવે છે અને તે પ્રેરણાસ્રોત બને છે. તો અવગુણો ધરાવતા વ્યક્તિઓથી સાવચેતી રાખવાની શીખ-બોધ આપતી કહેવતો દ્વારા લોકોને મળે છે. એની સાથે મદદગાર, સમભાવ, સહિષ્ણુતા, ધીરજ, સંઘર્ષ, પરાક્રમી, ચતુરાઇ, હોશિયાર, નીડર જેવા આદિ ગુણો પણ કહેવતો અહીં દર્શાવે છે. જેમ કે,

1 . ઓજરી ભાર નાંય ઝીલે. - પડકાર ઝીલવાની હાંમ ન હોવી.
-અમુક કામ કરવામાં આપડે ડચકી જાંવ, તિયાર લોક આખે આણી ઓજરી ભાર નાંય ઝીલે
2. આવે તો ખપે, બાવો આવે તો જપે- બધા સાથે જ ભળે વ્યક્તિત્વ.
-ઘણા અહા રયકા હાજમાઠા જહાતહાઆરીં ભી વેવાર રાખે, ને બાવો આવે તે આરીં માળા ફેરવુંભી બહી જાય.
3. આંધળ્યે આરીં સીનાળાં ને ઘરા હૂધી થવું જબ્નાં- કુપાત્ર સાથે સંગત રાખવાથી ઘણી મુશ્કેલીઓ ઉભી થાય.
-એણે આંધળ્યે આરીં સીનાળાં કઘાં ઉલેં ઘરા હૂધી થવું જાવાં પડી.
4. ઉડાલ્લાખે પુણ ઓફે નાંચ- સ્વાર્થવૃતિવાળું વ્યક્તિત્વ.
-ઓ તે ઉડાલ્લાખે પુણ ઓફે નાંચ અહો માણૂંહરા.
5. ઊભે આરી તરા, લોક આખી હૂરા- સામી છાતીએ લડે તે શૂરવીર
- આવી જ પડે તે ઊભે આરી તરા એરેંહ તિયારી જ લોક હૂરા આખી.
6. ફુલાક વીહે હ વે- કેટલી મહેનતથી બધું મેળવી શકાય તે મહેનત કરીએ તો ખબર પડે.
7. કોયાં તાથાં કાયપાં-જેટલું બગડ્યું તેટલું કાપી નાખો અને મીઠા સંબંધો રાખો.
- આપ્ડે લોકા આરીં રબ્નાં આયે, કોયદાહ વેવાર બગ્ડેભી ખરો, તિયાર તીં વિહરાય જાવાં જોઈએ.
8. ચીકટાઓ બાહ –ભયંકર કંજૂસ માણસ
-કાણો પયહોભી ખરચુલાગ તિયારનાંય રય તહે માણહાએ હારું આખાય કટાઓ બાહ.
9. ચોરી ચાર દિહ ને સીનાળાં છ દિહ- ચોરી કે છીનાળું લાંબો સમય છુપાવી શકતું નથી.
ચોરીવાળાને સીનાળાવાળા ચાર કા છ દિહેં કાં તે મયને હાપ્ડાય તે ખરાજ,એગધ્યે સિનાળાં કધાં વે તે છ દિહેં તે નાય પુણ દાંત મયને તે બોકો એરીને ખબાર પડે જ.
10. જાત વગર જાત્રા નકામી- કોઈપણ કાર્ય બીજાપર આધાર રાખવા કરતાં કરવું જોઈએ.
-આપ્ડે આપ્ડાં કામ દૂહરાં નાય ઓકુનાં જાતે કરુનાં, ઉલેં જુલા જોયે તુલાં ભેગાં કરાય.
11. જીવુંના તાં હૂધી હિવુનાં – જીવન છે એટલે કામ તો કરવું પડે.
- આપ્ડે જીવું તાં હૂધી કૂણી ગઢોબાહ બઠો બઠો નાંય ખાવાડે, ઉલેં બે પયહા આવે અહાં કાંય કામ તે કરવાં પડે.
12. ઠગાઓ બાહ ને જગાઓ ભાહ –ઠગાઇ કરનાર અને આળસુ
- જાં તાં લોકો ઠગ્યા જ કરે તાણે હારું આખાય.
13. દગો કાણો હગહો નાંય – દગાખોર પર વિશ્વાસ કોણ કરે.
-અહાં આયકેલાં કા દગો કાણો ભી હગોહ વીનો.

- ઢોડિયા ભાષાની કહેવતોમાં પ્રકૃતિ તત્ત્વનું પ્રતિબિંબ નજરે આવે છે. એમાં વૃક્ષો, પ્રાણી, પશુ- પંખીઓના જીવન જગતમાંથી મનુષ્ય માટે વ્યંગાત્મક-કટાક્ષ, બોધ-ઉપદેશ, ડહાપણ, પ્રેરણા તેમજ હાસ્યસપદ વગેરેની અભિવ્યક્તિ નીવડે છે તે સચોટ રીતે કહેવતોમાં જોવા મળે છે. જેમ કે,

1. કૂતરાઈ પૂંસડી વાંકી તી વાંકી – અમુક વ્યક્તિને ગમે તેટલો પ્રયત્ન કરીએ પણ ન સુધરે

- ગમ્મે તુંલા કરેહ તય માણુંહ નાંય સુધરે તિયાર આખાય.

2. કૂતરા તાણે ગાંવાધણને કોલા તાહે હિમાડાધણ- સૌ પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તન કરે.
   - ઈયાંમાં હોંપ નાંય મેળે, કુંતરા તાણે ગાંવા ધણ ને કોલા તાણે હીમાડાધણ અહી દશા.
3. કાગડ્યે કતાં બચેં ડાયેં- કહેવાતા મોટા માણસ કરતાં સામાન્ય વ્યક્તિમાં ડહાપણ વધારે હોય
   - ડોહા કતાં પોહાઓ વેવાર હાજો વે તિયાર આખાય.
4. ઉંદરો જહો ફૂંકી ફૂંકીને ચાવે- સામેવાળાને ખબર ન પડે તે રીતે તેનું અહિત કરવું.
   - આપ્ડે નિંદેમા વીંવ તિયાર ઉંદરો આપડ્યા પાટલ્યા ફૂંકી ફૂંકીને ચાવી લાખે, પસી દૂ:ખે તિયાર હવારનાંહ હમાજ પડે, અમુક માણુંહભી તહા રય આપાં હમાજ નાંય પડે તહી પત્તાર ઠોકે.
5. આંબે આવી મોર તે વાત કરું પોર- લાંબો વાયદો કરવો.

-અમુક જણાં ઓસીનાં પાસાં નાંય ઓફે તે આખે...

6. આમ્ણો ઉલો બલફેરો, બાકી બધાંઓ ગધેડ ફેરો- અમે ચાલીએ પ્રકૃતિના નિયમ મુજબ બાકી બધાંને ગધેડ ફેરો.

-આદિવાસી ભાઈ અહાં આખે કા આમ્ણો ઉલો બલફેરો બાકી બધાંઓ ગધેડ ફેરો.

7. મોર ખાય ચોર ખાય, વધે ઉલાં ખેડૂત ખાય – ખેડૂતની ઉદ્દાત ભાવના

-ઈ કેતી ખેતારવાળયાયાં દિલ કુલાંક મોટાં રય આખે તાય. આણે ખેત્રામાં મોર ખાય જાય...ચોરી ભી લે પળે .. પસી વધે તીં ખેતારવાળયો ખાય.

8. બિલાડીએ પેટામાં ખીર નાંય ટકે- વાત ખાનગી ન રહેવી.

- હાચાવઝાહ !ઈયા રખે આખા, બાકી બિલાડીએ પેટામાં ખીર નાંય ટકે જો.

9. વાહૂલ્યો પાડો ભૂખે નાંય મરે –રખડતો માણસ ભૂખે ન મરે.

- આણી બો ચિંતા નાંય કરુની, વાહૂલ્યો પાડો ભૂખે મરે કા ?

10. વાંદરાએ આથામાં નિહારણીને ભૂતાએ આથામાં ટેંભો- મૂરખ માણસ સારી વસ્તુનો પણ દૂરપયોગ કરે જ.

-વાંદરાએ આથામાં નિહારણીને ભૂતાએ આથામાં ટેંભો રખે ઓફા, બાકી દશા બગાડી લાખી.

- દરેક સમાજમાં જ્ઞાતિ-જાતિ પ્રમાણે અલગ–અલગ પ્રકારના વ્યક્તિઓ રહે છે.એ જ્ઞાતિ –જાતિ વિષયલક્ષી કહેવતોમાં જાતિગત સ્વભાવ,ઊંચનીચના ભેદભાવ, વ્યવસાય,ખાન- પાન,રહેણી-કરણી,વટ-વ્યવહાર,કે સબળતા- નિર્બળતા વગેરે મળે છે. જેમ કે,

1. ડોબાં ગુવાં રાને વાત આવ્ની કાને- વાતમાં કશી પણ ખબર ન હોવી.

-ઈયા ઝાટ કાંય ખબાર નાંય, ઈંતે ખાલી ડોબાં ગુવાં રાને ને વાત આવ્ની કાને.

2. ડોબાં ને ડુબળાં ડાંભે સુધરે- અમુક માણસો શામ –દામથી ન સુધરે તો દંડ દઈને સુધારી શકાય.

- કૂણી ડોબાં હમજાવી હમજાવી રય, નાંય, હમઝે તે બે ઝપેડ મૂકાએ એરેંહ, ફટ કત્તા હિધા!

3. ઢોડિયા ભાયનાંઢોર ખાણાં-પ્રાકૃતિક ખાણું ખાનાર

-પઈલેએ ઢોડિયા ભાયનાં ઢોર ખાણાં અતાં ઉલેં જીવભી બોથતા ને સુખે અતા.

4. ઢોડિયા ઢોર લેને ઉઠે, વાણિયા ચોપડેં લેને ઉઠે- પોતપોતાના વ્યવસાય પ્રમાણેની પ્રવૃતિ

- ઈમીં ટાયામ બદલાનોં આય બાકી પઈલેઆ ઢોડિયા ઢોર લેને ઉઠે થતા ને વાન્યા ચોપ્ડેં લેને ઉઠે થતા.

5. ભગાત કરેતી ભગતાય- વ્યવસાય મુજબનું કાર્ય.

- જો ભગાત કરે તી ભગતાયી જ આખાય ને .

6. લુવાર જાણે ને લોઢાં જાણે- જેની ફિકર તે જ કરશે.

- આપ્ડે આણેમાં પડુનાં નાય, લુવાર જાણે ને લોઢાં જાણે.

7. હાથ્યા પાસાળ કૂતરેં તે ભૂકે જ – સબળ પાછળ નિર્બળ માણસ ગમે તેટલો ધમચછાડા કરે નિરર્થક છે.

-તું તુણાં કામ કર્યા કરની ઈંતે હાથ્યાએ પાસાળકૂતરેં ભૂકેજ.

8. કુંભારા ખાખણી આવે તે, ગધેડાઆ કાન ચીવરે- કોઇની રીસ નિર્દોષ પર ઉતારવી.

-અમ્થોજ બડવ્યા કરેહ, ઇંતે કુભારા ખાખણી આવે તે ગધેડાઓ કાન ચીવરે તહી વાત.

9. કોળીયા કુટાય ને ઢોડિયા ચૂંટાય- મહેનતનુ ફળ અન્યને મળે.

10. ભરવાડાથી ભૂંડો- નફ્ફટ માણસ

-આમ્ણે ગોઈમાવાળા શૈલેષ આખેલાં આમું કોળી ચૂંટણ્યેમાં કુટાય મારું, પૂણ ચૂંટાય ઢોડિયા.

- રાજશાસન કે રાજનીતિ અને રાજ્યવહીવટ વિશેની કહેવતોમાં રાજા-પ્રજાનો પ્રેમભર્યો સંબંધ કે પ્રજાનો રાજા પ્રત્યે વર્તન-વ્યવહાર, પ્રજા રાજી કે હેરાન-પરેશાન વગેરેની કહેવતો આપણેને મળી આવે છે. જેમ કે,

1. જો જાય દરબાર તાણાં જાય ઘરબાર – સામાન્ય બાબતમાં કોર્ટ-કચેરીએ ન જવું નહીં તો પાયમાલ થવાનો વખત આવે.

- ઘણા અહા રય કા ઘરમાં જરાક વિડાય પડે તય પોલીસ થાણે ને તાથો કોર્ટમાં ધામ્ધે. પયહા આરીં ટાયામ ભી બગાડે પસી ઘરબાર નાંય વેચાય તે કા વેચાય?

2. જહો દેશ તહો વેશ – જેવો દેશ તેવો વેશ

- જહો દેશ વે તહાવીને આપ્ડેરવાં પડે.

3. મોટા કરે તી લીલા, ગરીબ કરે તીં છીનાળાં – મોટા કરે તે લીલા અને ગરીબ કરે તે છીનાળું.

4. રાજા ગમની તી રાણી – મોટા માણસ ની ઈચ્છાને બંધન નથી.

મોટા માણુંહ!ભાઈ આવડે ત હાં કરે, ઈંતે રાજા ગમની તી રાણી .

5. રામ રાજ ને પરજા સુખી- ઉપરી અધિકારીનો વહીવટ ઠેકાણાં વગરનો હોય એટલે કર્મચારીઓ કામચોરી કરતા હોય, પ્રજા હાલાકી ભોગવે.

-એ સયેબામાં કાંય ઠેકાણા આયે કા આં તે ભાઈ રામ રાજ ને પરજા સુખી.

આમ, દક્ષિણ ગુજરાતની જનજાતિ ઢોડિયા ભાષાની સૂચક લોકોક્તિ અને કહેવતો પ્રાપ્ત થાય છે. અહીં સમગ્ર કહેવતો સચોટ અને નમૂના રૂપ ઉદાહરણો સાથે લોકોક્તિઓ આપી છે. તે હંમેશા દરેક જનજાતિ સમાજ માટે ઉજાગર બની રહેશે. આ બાબત નોંધવી ઘટે છે.

## પાદટીપ

૧. લોકગુર્જરી- સંપાદક- બળવંત જાની, પૃ. ૮૩-૮૪

૨. એજન પૃ.૮૪

૩. એજન પૃ. ૮૪

## સંદર્ભ સૂચિ :

1. તુંણે કૂકડે હવારાં.. ઢોડિયા ભાષાની કહેવતો, લે. અરવિંદ પટેલ, ગોવિંદ ગુરુ પ્રકાશન, બગીચા સામે ગોધરા, પ્રથમ આવૃત્તિ-2019.
2. લોકગુર્જરી- સંપાદક- બળવંત જાની, શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ-૫